# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૦ તા.૦૫-૦૬-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય:- કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ કાર્યક્રમના આયોજન બાબત.

સંદર્ભ :- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પત્ર ક્રમાંક : પ્રાશિનિ/ચ-૧/પ્રવેશોત્સવ/૨૩-૨૪/ ૧૮૪૬-૯૯ તા.૩૧-૦૫-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે, દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ "કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩"નું આયોજન તા.૧૨,૧૩ અને ૧૪ જૂન-૨૦૨૩ દરમ્યાન કરવામાં આવ્યું છે.

"કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩" ના આયોજન સંદર્ભે **માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૦૬-૦૬-૨૦૨૩ ના રોજ ૧૧-૦૦ કલાકે બ્રીફીંગ મીટીંગનું બાયસેગ દ્વારા જીવંત પ્રસારણ થનાર છે**. તો શાળાના તમામ શિક્ષકો જીવંત પ્રસારણ નિહાળે તે સુનિશ્ચિત કરવું તથા પરિપત્ર નં.૧૮ તા.૩૧-૦૫-૨૦૨૩ અને પરિપત્ર નં.૧૯ તા.૦૨-૦૬-૨૦૨૩માં દર્શાવેલ સૂચના તથા માર્ગદર્શન પ્રમાણે "કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩"ની ઉજવણી કરવા જણાવવામાં આવે છે.

આ ઉપરાંત તા.૦૭-૦૬-૨૦૨૩ના બુધવારના રોજ આગામી પ્રવેશોત્સવનું સુચારૂ રૂપે આયોજન થાય તે હેતુથી સવારે ૮-૦૦ કલાકે તમામ મુખ્ય શિક્ષકશ્રીઓ તથા પ્રથમ ઉપશિક્ષકશ્રીએ ટાગોર હૉલ, પાલડી ખાતે સમયસર હાજર રહેવા જણાવવામાં આવે છે.

તા.૦૫-૦૬-૨૦૨૩

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી